શ્રીસુબોધિનીજી - જન્મ પ્રકરણ

શ્રીમદ્ ભાગવતનું મૂલ રહસ્ય શ્રીવલ્લભાચાર્યજીએ સ્વ ચિંતન, સ્વ અધ્યયન અને સ્વ જીવન કેળવીને શ્રીસુબોધિનીજી આ જગતને પુષ્ટિમાર્ગ દિશાથી વિરંચીતા કરી જીવ જીવનને સૈદ્ધાંતિક, સરળ અને દ્રઢ વિશ્વાસપૂર્વક અપનાવવા માર્ગદર્શિત કરી 🙏 જે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સૃષ્ટિ માટે અદભુત શિક્ષા છે.

શ્રીમદ્દ ભાગવત કથા નથી પણ શ્રીવ્યાસજીએ જીવ, જીવન અને જગતનું રહસ્ય બતાવ્યું છે – પુરુષોત્તમ કેવીરીતે ઉપાધ્યક્ષ કરાય. આજનાં સમયમાં શ્રીમદ્ ભાગવતનું આયોજન કથા માધ્યમથી થાય છે 🙏 આ આયોજનને સત્સંગ માધ્યમથી કરવામાં આવે તો તે અનુષ્ઠાનની ઉત્તમતા સાર્થક થાય છે. 🙏 આ સમાધિ ભાષા છે, જે કેવળ તપસ્યા અને આહુતિથી જ આ પ્રકારની સત્સંગ ચેતના જાગે છે. 🙏 **શ્રી ભગવાન પોતાના મુખે કહે એનાથી સર્વોત્તમ શું! શ્રી ભગવાને પોતાનો અધિકાર ભક્ત ઉપર જતાવ્યો એ જ પ્રમાણિત કરે છે - શ્રી ભગવાનને જીવ પ્રત્યે અખંડ પ્રેમ છે. 🙏 આ અધિકાર એ જ જીવને મળે છે - જે જીવ પુષ્ટિમય છે - વૈષ્ણવ છે.** શ્રીમદ્ ભાગવત સેવ્ય સ્વરૂપ છે, શ્રી ભગવાનનાં કંઠેથી વહેતી સરસ્વતી જીવોનાં ઉદ્ધાર અર્થે છે એટલે શ્રી ભગવાનનું વાક્મય સ્વરૂપ છે.

શ્રીવલ્લભાચાર્ય રચિત શ્રીસુબોધિનીજી શ્રીવલ્લભાચાર્યજીનું વાક્મય સ્વરુપ છે, દરેક વૈષ્ણવને આ નામ, અક્ષર અને વાક્ સ્વરુપ સેવ્ય છે 🙏 સદા સેવ્ય ગૃહસેવા સાથે પધરાવી જ્યારે સત્સંગ, ચિંતન, મનન કે અધ્યયન વિશુદ્ધતાથી, માનસિક પવિત્રતાથી કરવાથી જ સત્સંગનો અધિકાર પામે છે. 🙏
જન્મ પ્રકરણથી શ્રીવલ્લભાચાર્યજીએ આધ્યાત્મ અને વિજ્ઞાનની એવી ઉચ્ચતા પૂરવાર કરી છે કે જગતનાં વૈજ્ઞાનિકો પણ આપશ્રીનાં સિદ્ધાંતો સ્વીકારી સ્વ જીવન યથાર્થ કરવા લાગ્યા. પદાર્થ અને ચેતનની અનેક પરિભાષામાં ભારતીય આધ્યાત્મ અપનાવવા માંડ્યા. ન્યુરોન, ન્યુટ્રોન, પ્રોટોન આદિની એલીમેન્ટરી અને ક્વાન્ટમ ફિજિક્સનાં પ્રયોગોથી પૂરવાર કર્યું જીવ, જીવન, જગત અને બ્રહ્માંડનાં પરિબળો અને અસરથી પ્રમયબળની અનુભૂતિ પામવા માંડયા. આજે જે બાયોમેટ્રિક પદ્ધતિ વિકસી છે તે શ્રીવલ્લભાચાર્યજીએ જે પુષ્ટિજીવોનો સંસર્ગ કે સંપર્કમાં જોડયા તે આધ્યાત્મ અને વિજ્ઞાનનું સત્ય અનુભૂત સપ્રમાણ છે. 👍

પુષ્ટિમાર્ગનું જહાજ અને પ્રખર સંત શિરોમણી શ્રીસૂરદાસજીની અદ્વિતીય ચારિત્ર્ય લીલા પ્રમાણ છે. એક નેત્રહીન વ્યક્તિનાં દિવ્ય ચક્ષુ ઉઘાડવા અલૌકિક અનોખી લીલા છે. શ્રીવલ્લભાચાર્યજીએ કેવળ દ્રષ્ટિથી જ કહ્યું - આવો સૂરદાસ 🙏 પધારો 🙌 સૂરદાસજી આપના શરણમાં પડી - એક જ સ્પર્શ 🙏સૂરદાસજીનાં શિશે 🙌 હે ભક્ત શિરોમણી! ગંગામાં સ્નાન કરી આવો હું આપને દિક્ષા આપું છું. 🙌સૂરદાસજીએ ગંગામાં ડૂબકી લગાવી – ભવ્ય, ભવ્ય, ભવ્ય અને ભવ્ય શ્રીકૃષ્ણ લીલા દર્શન 🙏
કેટલું અલૌકિક અનોખું પ્રખર પ્રજ્ઞાન 🙌🪔.

જીવે જન્મ ધર્યો, જે જન્મ સંસાર પટલ પર જીવન જીવતા જીવતા એવી ગતિ કરવાની છે કે જીવ પુરુષોત્તમતા બક્ષે!. ગહનતાથી શ્રીકૃષ્ણ ચરિત્રનું ચિંતન, મનન અને અધ્યયન કરીએ તો અવશ્ય સમજ આવે જ કે જન્મથી પુરુષોત્તમતા કેવીરીતે પામવી! 🙏
જીવને અધિકારત્વ પામવું, શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીસુબોધિનીજીમાં સૂક્ષ્મતાથી સમજાવ્યું છે.
અધિકાર એટલે શું? જીવ જીવનમાં અધિકાર કેમ પામવો?
અધિકાર એટલે વિનયી, વિવેકી, વિશ્વાસી, નિખાલસ ભરેલ, પવિત્ર અને વિશુદ્ધ કક્ષા.

દરેક જીવે આ કક્ષા પર પહોંચવું જ પડે, ગમે તેટલા જન્મ મરણની માયાજાળમાં લપટાય પણ આધિકારીક કક્ષા તો પામવી જ પડે. આ અધિકાર વૈભવ, માલમિલક્ત, ધન દૌલત, રાચ રચિલું, માન મરતબો કે સમ્માનની અપેક્ષાથી નથી થતો કે પામતો, આ અધિકાર જીવનો નિરપેક્ષ, નિર્લેપ, નિર્મોહી, નિ:સ્વાર્થી, સંશય કે સંદેહ વગરનો નિર્લોભી છે, તે સ્વભાવથી મપાય છે. જીવ જીવતો જીવતો જે ગતિથી કદમ માંડતો ધપે છે તેમાં આ જ્ઞાનાત્મક પુરુષાર્થ કેળવવો જીવનનું મૂલત્વ શિક્ષણ અને સંસ્કાર છે.

શ્રીવલ્લભાચાર્યજીએ જન્મ પ્રકરણમાં સૈદ્ધાંતિક રુપે સૂક્ષ્મતાથી એવી સમજ આપી છે - જીવ શ્રીસુબોધિનીજીનો અભ્યાસ કરવાથી પુષ્ટિ અધિકારી બને છે. 👍 સૈદ્ધાંતિક જીવનથી જ સ્વ યોગ્ય શ્રોતા બની શકે છે, સ્વ યોગ્ય વક્તા બની શકે છે. જીવનનું બંધારણ સ્વ શ્રોતા અને સ્વ વક્તાથી જ રચાયેલુ છે, એટલે પ્રાથમિક શ્રોતા અને પ્રાથમિક વક્તા થી જ જીવનનાં સંદેહો કે સંશયો નષ્ટ પામે છે. વૃથા બોલવું - વૃથા કહેવું - વૃથા સાંભળવું - વૃથા વિચારવું દોષ ઉત્પન્ન કરે છે.

ટિપ્પણી - જાણીએ છીએ, સમજીએ છીએ, ક્ષમા યાચના કરીએ છીએ તો પણ અંતે તો હેમનું હેમ હોયે 🙏

કથા સુણી ફૂટ્યા કાન તો યે ના આવ્યું બ્રહ્મ જ્ઞાન 🙏

આવી કોઈ અસર જો શ્રીસુબોધિનીજીનાં ચિંતન, મનન, વાંચન, અધ્યયન કે પઠણ કરતું હોય તો તેને સુધારી આ શિસ્ત કેળવવી જ પડે. 🙏

રામાયણ કાળ, પ્રાથમિક મહાભારત કાળ સ્વ યોગ્ય શ્રોતા અને સ્વ યોગ્ય વક્તા આધારિત જ અનુભૂત હતો. શ્રી બ્રહ્માજી, શ્રી નારદજી, શ્રી વ્યાસજી, શ્રીસૂતજી, શ્રીશૌનકજી, શ્રીશુકદેવજી, શ્રીપરિક્ષિત રાજા જેઓ ઉચ્ચ કોટીનાં વક્તા અને શ્રોતા હતા. શ્રીમદ્ ભાગવત ભગવાનનું વાક્મય સ્વરુપ છે.

પ્રાશ્ચ્યાત દેશોએ આ સિદ્ધાંત પર અદભુત પ્રગતિ કરી છે. આજે તેઓએ જીવનનાં સર્વે વ્યવહારોમાં આ સિદ્ધાંત ને એવીરીતે વણેલો છે કે તે સુખદાયી, શિસ્ત, શાસકીય અને ન્યાયપ્રિય પણ છે.

અધિકારથી જ સ્વરૂપ, અર્થજ્ઞાન અને માર્ગદર્શન જ્ઞાન પ્રકટ થાય છે. આ સ્કંધ પર સ્વ ચિંતન, મનન, અધ્યનન અને સત્સંગ કરીએ, પ્રથમ સ્વ કક્ષિત માટે તૈયાર થઈ સ્વ પ્રમાણ આધારિત જ પરિવર્તિત થઈ આગળ ધપવું અનિવાર્ય છે. એટલે સ્વથી જ વિનયી, વિવેકી અને સંસ્કારિત થઈ નિર્ણય કરવો. 🙏

આજની ભારતીય જીવનશૈલી, પદ્ધતિ, સ્વભાવ અને રીતિરીવાજ આધારિત શ્રીવલ્લભાચાર્યજીએ અધિકાર શિક્ષાત્મક પ્રકરણ ત્રણ રીતિમાં વ્યવસ્થિત કર્યું છે. જે દરેક વ્યક્તિએ સમજી, સ્વીકારી અને પરિવર્તન કરવું જ જોઈએ.

ચિંતનીય વિચાર કરીએ કે આપણે માનવ અને આપણાં અધિકાર આપણે જાણતા જ ના હોઈએ, સમજતા જ ના હોઈએ, સ્વીકારતા જ ના હોઈએ, અપનાવતા જ ના હોઈએ તો આપણે કેવા માનવ? માનવ અધિકાર આપણો મૂળભૂત હક્ક છે જે આપણે અવશ્ય નિભાવવો જ પડે. જીવનનાં વ્યવહાર - (જ્ઞાન,

ભક્તિ, રક્ષણ, રીતિ રિવાજ) વ્યવસ્થા, વ્યાપાર અને વિશ્વાસમાં આ અધિકાર સ્વ શિક્ષિત હોવો જ જોઈએ.
એક દ્રષ્ટાંત છે - અષ્ટસખા શ્રીકુંભનદાસજીનાં જીવનની પરિસ્થિતિમાં તેઓની સાથે શ્રીશ્રીનાથજી પ્રભુ ખેલે, આનંદ કરે, નટખટતા કરે, આરામ કરે, ભોજન કરે 🌹 ઓહહહ! શ્રીશ્રીનાથજીનો કેવો અધિકાર એમ શ્રીકુંભનદાસજીનો કેવો અધિકાર! 🙏

શ્રીમદ્ ભાગવતનું જન્મ પ્રકરણ સૈદ્ધાંતિક, ઉર્જિત, સંસ્કારીત અને જ્ઞાન વર્ધક છે. જીવ જીવનની મૂળ પ્રાથમિકતા છે. શ્રીસુબોધિનીજીમાં શ્રીવલ્લભાચાર્યજીએ સૂક્ષ્મતાથી 'અધિકાર 'ની વ્યાખ્યા, અર્થ અને કારણ નિરુપ્યું છે. જે સ્વીકારવું જ રહ્યું! 👍

૧. સાધારણ પ્રકરણ

૨. અસાધારણ પ્રકરણ

૩. ગુણાતીત પ્રકરણ

સાધારણ અધિકાર નવ પ્રકારનાં છે, અસાધારણ અધિકાર નવ પ્રકારનાં છે, ગુણાતીત નિર્ગુણ અધિકાર એક પ્રકારનો છે.

શ્રીકૃષ્ણાય નમ:

શ્રીગોપીજન વલ્લભાય નમ:

શ્રીમદ્ આચાર્યચરણપંકજભ્યો નમ:

શ્રીસુબોધિનીજી - શ્રી મદ્ ભાગવતનો પ્રથમ સ્કંધ - અધ્યાય પહેલો - શ્રી સુબોધિની - મંગલાચરણ

વન્દે શ્રીકૃષ્ણદેવં મુરનરકભિદં વેદવેદાંતવેધં।

લોકે ભક્તિપ્રસિદ્ધયૈ યદુકુલજલધૌ પ્રાદુરાસીદ્ અપાર:।

યસ્યાસીદ્ રૂપમેવ ત્રિભુવનતરણે ભક્તિવચ્ચ સ્વતંત્રં

શાસ્ત્રં રૂપં ચ લોકે પ્રકટયતિ મુદા ય: સ નો ભૂતિહેતુ:।। ૧

વિવેક, વિનય, વિશુદ્ધ અને વિશ્વાસથી શ્રીવલ્લભાચાર્યજી શ્રીમદ્ ભાગવતને નમન કરે છે અને આજ્ઞા માંગે છે - **હે આનંદ સ્વરુપ ભગવાન! આપનું આ નામ સ્વરુપ શ્રીમદ્ ભાગવતને પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો અનુસાર અનેક જીવોનાં ઉદ્ધાર કરવા આજ્ઞા ચાહું છું 🙏 આપને વિનંતી કરું છું 🙏 આપ મને સાથ આપો અને સમય અનુસાર અજ્ઞાન અને અંધકારમાં ખોવાયેલા, ડૂબેલા જીવોને સંસ્કૃત કરો 🙏**

કારિકાર્થ -

શ્રીવલ્લભાચાર્યજી શ્રીમદ્ ભાગવતમાં બિરાજેલ શ્રી કૃષ્ણપ્રભુને ઈષ્ટ સિદ્ધિને નમન કરું છું 🙏 હે મુર! નરકાસુરનો નાશ કરનાર! વેદ ઉપનિષદથી પામી શકાય તે શ્રીકૃષ્ણપ્રભુને પ્રણામ કરું છું 🙏 જે જ્ઞાન નો અપાર છે, ભક્તિનો અપરંપાર છે, આનંદનો ક્ષિરસાગર છે તેવા શ્રી યદુકુલ શિરોમણી શ્રીહરિ ત્રણે લોકને તારનાર શ્રીકૃષ્ણ 🙏 મને નિરપેક્ષ ભક્તિ થી શાસ્ત્રાર્થ અને વ્યાખ્યાન રુપે યથાર્થ અભિપ્રાય પ્રકટ કરવા પ્રેરક થાઓ🙏

આપનો અનુકંપિત શ્રી વલ્લભાચાર્ય 🙏

શ્રીકૃષ્ણ - કારિકાના આરંભમાં જ " શ્રીકૃષ્ણ " નામ 🙏 જન્મ પ્રકરણ શ્રીકૃષ્ણનાં જન્મથી જ આરંભ કરીએ તેનાથી ઉત્તમ કોઈ વિવરણ નહીં 🙏

"કૃષ્ણ જન્મ" આપણે ઘણાં વદિત છે **"કૃષ્ણ જન્માષ્ટમી"** પણ શ્રીમદ્ ભાગવત પ્રમાણિત **"કૃષ્ણ જન્મ"** અતિ મહત્વનો અને યોગ્ય સમજનો છે એક એક વૈષ્ણવ ને🙏

"જન્મ" વૈજ્ઞાનિક પ્રક્રિયા 👍

મહાભારત કાવ્યમાં વાંચ્યું અને અનેક કથા કે સત્સંગ પ્રવચનમાં સાંભળ્યું કે શ્રીકૃષ્ણ જન્મ માતા દેવકી અને પિતા વસુદેવથી પ્રાકટ્ય થયો 🙏 માતા દેવકીજીએ જન્મોજન્મ અતિ તીવ્ર ભક્તિથી પરબ્રહ્મને પ્રસન્ન કરી વચન માંગ્યું – **"શ્રીભગવાન મારા કુખે જન્મ ધરે"** 🙏

હવે આ જન્મોજન્મ ભક્તિ એટલે શું? વિજ્ઞાન 👍

સૂક્ષ્મ ચિંતન કરીએ કે જન્મોજન્મની તપસ્યા એટલે ઉર્જા, જે ઉર્જા બ્રહ્માંડમાં ત્યાં સુધી અવસ્થી હોય જ્યાં સુધી મૂળ લક્ષ પૂર્ણ ના થાય. આ વિજ્ઞાન છે. એક વખત ઉર્જા ઉદભવી તેની પૂર્ણતા જે હેતુથી ઉત્પાદીત થઈ તે જ ઉત્પાદીતની ઉપયોગીતા પૂર્ણ ના થાય ત્યાં સુધી તે ઉર્જા બ્રહ્માંડમાં તરંગોનાં રુપે પ્રવર્તતી

હોય છે. **<u>જો સંકલ્પ કે ક્રિયા જગત ઉપયોગી હોય તો તે પ્રમાણે તે વસ્તુ સિદ્ધ કરી શકાય છે.</u>** આ વૈજ્ઞાનિક પ્રક્રિયા યુગોથી આપણાં ઋષિ મુનીઓ અપનાવતા હતા. આજે અનેક વિજ્ઞાનનાં સ્નાતકો આ બાબતે ઘણી માહિતી આપે છે. અંધશ્રદ્ધા કે ધારણા કે માન્યતાથી સભર આ દ્રષ્ટાંત નથી🙏 આ યોગ્યતાનો પુરુષાર્થ યોગ્ય જ્ઞાન જ આપે છે. ફિઝિક્સનાં અનેક સિદ્ધાંતો સાર્થક થાય જ છે.

બીજું વિચારીએ કે ભગવાન શ્રીકૃષ્ણ જ એક એવા પરમાત્મા હતા જે એક સ્થાન થી અનેકો સ્થાન ઉદભવતા હતા. આ કેવીરીતે બને? કોઈ એક વ્યક્તિ એક સ્થાને છે તે જ વ્યક્તિ નક્કી કરેલા માપમાં તે બીજા અનેકો સ્થાને પણ કોઈ ક્રિયા કરતા હશે તે ક્વાન્ટમ ફિઝિક્સનાં સિદ્ધાંત છે. આધ્યાત્મિક અને વિજ્ઞાન એક બીજાને પૂરક છે આ જ્ઞાન શ્રીવલ્લભાચાર્યજી આ જગતને આપે છે.

ભાવાર્થ - **ભગવાન શ્રીકૃષ્ણ પુષ્ટિમાર્ગનાં મૂળત્વ આનંદનાં નિધિ સ્વરુપ છે, એક એક શ્રુતિઓમાં પ્રતિપાદીત છે એટલે શ્રીકૃષ્ણ પરાત્પર વસ્તુ છે, બ્રહ્માનંદરુપ ચૈતન્ય શક્તિ એટલે દૈવીરુપ માયાનાં પતિ છે, કૃષ્ણ - જે પરબ્રહ્મ શ્રીવિષ્ણુભગવાનનો અવતાર સ્વરૂપ છે, દેવ પદ આપવાથી શ્રીકૃષ્ણ ની નિત્ય લીલાઓ ઉત્સ કરે છે, આ સર્વથી તે પરપુરુષ છે સાથે બે પ્રકારની લક્ષ્મી, ચાર પ્રકારનાં વ્યુહો અને વિવિધ પ્રકારની ક્રિડાઓ કરે છે, જે નામ સ્મરણ કરવા યોગ્ય છે. <u>શ્રીકૃષ્ણ નામ સ્મરણનો ભાગવત અર્થ જાગૃત થાય છે.</u> શ્રીવલ્લભાચાર્યજી જાણે છે એટલે નમન કરે છે. આ નમન કરવું તે એક એવી સમ્માનિત પ્રતિક્રિયા છે જેનાથી જેનું નામ સ્મરણ, ચરિત્ર સ્મરણ કરીએ ત્યારે તેમના સ્પંદનો સ્વમાં જાગે અને સ્વનાં અનેક દોષો નષ્ટ પામે, સાથે સાથે એવી ઉર્જા પ્રાપ્ત થાય જેનાથી સ્વયત્તા અધિક ઉર્જિત થાય. જે વ્યક્તિત્વને નમન કરે તે વ્યક્તિનાં સદગુણો સ્વમાં પ્રતિપાદીત થાય.**

<u>શ્રીકૃષ્ણનાં વ્યુહો</u>

વાસુદેવ - શ્રીકૃષ્ણ વેદ વેદાંત વેધં એટલે આપશ્રી વેદોનાં સિદ્ધાંત, વેદાંત ની સિદ્ધિ અને વેધં એટલે અજ્ઞાન મિટાવીને ભક્તને મોક્ષ જ પ્રદાન કરે છે.

સંકર્ષણ - દૈત્યોનો નાશ કરનારા, મુર અને નરકાસુર ભક્તિ પ્રતિબંધિત કરનારા હતા, તેઓનો નાશ કર્યો એટલે શ્રીકૃષ્ણ ભક્તવત્સલ છે, જે ભક્તોને ઉદભવતી દરેક પ્રતિબંધતાને નષ્ટ કરતાં છે.

પ્રદ્યુમ્ન - વંશવૃધ્ધિથી પ્રકટ થતા કે **<u>'લોકે ભક્તિપ્રસિદ્ધયે '</u>** અર્થાત ભક્તો માટે અપાર રીતે પ્રકટ થયા. 🙏

અનિરુદ્ધ - ધર્મરક્ષક સ્વરુપે પ્રક્ટ થયા. ધર્મનાં પ્રકાર પ્રવૃત્તિ અને નિવૃત્તિ. પ્રવૃત્તિનું ફળ ત્રિલોક છે અને નિવૃત્તિનું ફળ મોક્ષ છે. જ્યારે જ્યારે ધર્મની ગ્લાની થાય અને અધર્મની વૃદ્ધિ થાય ત્યારે શ્રીકૃષ્ણ તેની રક્ષા માટે અનિરુદ્ધ વ્યુહ પ્રકટ કરે છે.

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત।
અભ્યુત્થાનમ ધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્।
પરિત્રતાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્।
ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે।।

આ છે શ્રીકૃષ્ણનાં રૂપાવતાર પ્રયોજન. આ ચાર વ્યુહો દ્વારા સમજાવી 🙏

નામાવતાર પ્રયોજન શ્રીમદ ભાગવત દ્વારા સમજાવી 🙏

ભક્તિવશ્ચ સ્વતંત્ર - સ્વ આનંદ માટે શ્રીપ્રભુએ સ્વરાટાનંદથી સ્વતંત્ર ભક્તિ પ્રક્ટ કરી. આ ભક્તિ પ્રાક્ટ્ય શ્રીપ્રભુની અખંડ, અલૌકિક અને અનિર્વણીય, અહૈતુક પ્રક્ટિતા છે. હે પ્રભુ! આપ અવશ્ય આનંદ સ્વરુપ ભક્તવત્સલ છો🙏. શ્રીમદ્ ભાગવત એટલે સમાધિ ભાષા છે. પ્રેમ પ્રદાપિતા છે.

શાસ્ત્રાત્મક રુપ - સ્વ આનંદથી પ્રક્ટ કરી જીવોને જ્ઞાન ભાવથી કૃત કૃત કરે છે. શાસ્ત્રાત્મક રુપ એટલે આત્મીય આનંદ રુપ નીતિ, વિધિ અને નિધિ રુપ જ્ઞાન. જે ભાવથી પરિવર્તિત થઈ સિદ્ધાંતોથી શિક્ષાત્મક થઈ શાસ્ત્રોક્તમાં પ્રક્ટીત થઈ ભક્તોનાં હૃદયનાં વિરહની ધારા જેમ જ શ્રીપ્રભુનાં હૃદયની વિરહ ધારા વહી ને વ્રજમાં સંગમ થાય તેવું ભગવદાનંદ શાસ્ત્ર 🙏

કર્તા જ્ઞ: સકલસ્ય યો નિગમભૂ:સર્વસ્વરુપોડપિ સન્

સર્વસ્યાપિ વિધારણો વિજયતે નિર્દોષસર્વેષ્ટદ:।

યો લીલાભિરનેદધા વિતનુતે રૂપં નિજંકેવલ:

સોડયં વાચિ મમાસ્તુ પૂર્ણગુણભૂ: કૃષ્ણાવતાર: પતિ:॥૨

કારિકાર્થ: જે પ્રભુ વિશ્વનાં કર્તા હર્તા અને સમજનારા છે, વેદ, વેદાંત, પુરાણો આદિ શાસ્ત્રોમાં કારણરુપ છે, અને પુષ્ટિજીવો કે નિર્દોષ, નિરપેક્ષ ભક્તોને અભિષ્ટ વસ્તુ આપનારા છે, જે સર્વત્ર સર્વરૂપે બિરાજેલા છે. સર્વેને ધારણ કરતા થઈ ને વિજયી પામે છે અને વિશુદ્ધ લીલાઓથી અનેક પ્રકારે સ્વરૂપને વિસ્તારે છે. અતિ પ્રેરણાદાયક અને જ્ઞાન વર્ધક આ કથન છે. આ ધારણ કરવું અતિ વિશ્વાસ અને પવિત્ર નીતિ નિયમન છે. પુષ્ટિમાર્ગની આ ગુઢતા કેળવવી દરેક વૈષ્ણવની જવાબદારી છે.

ધારણ - એક દ્રષ્ટાંત કહું છું

એક વ્યક્તિ ટ્રેનમાં મુસાફરી કરતો હતો, થોડા સમય બાદ ટિકિટ ચેકર આવે છે અને તે વ્યક્તિની પાસે ટિકિટ માંગે છે, આ વ્યક્તિ પાસે ટિકિટ નહીં હતી એટલે એ વિચારતો હતો કે શું કરું? આ વિચારમાં ને વિચારમાં તેને નીચે પડેલ કાગળનો ટુકટો બતાવી કહ્યું - લો આ ટિકિટ! પેલા ચેકરે તે કાગળ હાથમાં લઈને કહ્યું - ખૂબ આભાર, અને ટિકિટ ચેકર આગળ ધપી ગયો. પેલો વ્યક્તિ વિચારવા લાગ્યો કે આ કેવું? ટિકિટ ચેકરને કાગળનો ટુકડામાં ટિકિટ દેખાય.

આવું કેમ બન્યું? તો ધારણા થી. જ્યારે તે વ્યક્તિ કાગળ નો ટુકડો હાથમાં લે છે અને ધારી લે છે આ ટિકિટ છે અને તે કાગળનાં ટુકડાનું પરિવર્તન ટિકિટમાં થયું. આ ધારણા તીવ્ર આત્મીય ધારણા છે. આ ધારણા કોઈ જાદુ ટોના નથી. પણ સ્વ વિશ્વાસ છે, યોગ્ય નૈતિકતા છે. આ વિશ્વાસ નૈતિકતા પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત છે. જે પણ વિચારો, કર્તવ્ય કરો કેવળ શ્રીપ્રભુનાં દ્રઢ આશ્રયથી કરો 🙏

શ્રીપ્રભુ સામગ્રી આરોગે જ છે, તો અવશ્ય તે સર્વોત્તમ ધારણા છે. આ ધારણા સ્વમાં સિદ્ધિની પરિપક્વતા છે. એટલે તો શ્રી વલ્લભાચાર્યજી આ ધારણાઓ સૈદ્ધાંતિક રીતે પરિપૂર્ણ પરિસિદ્ધ થાય જ.

જેમ આપશ્રીએ દમલાને ઓળખ્યો, સૂરદાસજીને ઓળખ્યા. 🙏

હે શ્રીકૃષ્ણ! પૂર્ણ ગુણોથી આપ પ્રક્ટ થયા છો, આપ મારા, મારા કર્તવ્યનાં, મારી વાણીનાં સ્વામી થાઓ🙏

વિવેક, વિનય અને શિસ્ત અનુસંધાને જો સૈદ્ધાંતિક, નિખાલસપણે, સત્ય જ્ઞાનીય અક્ષર, શબ્દ, વાક્ય કે કાવ્યે આપ શ્રીપ્રભુ આદરણીય છો, સમ્માનીત છો, પ્રિય છો. આ વાણીનાં સ્વામી શ્રીપ્રભુ સ્વયં છે. એટલે શ્રીસુબોધિનીજીની એક એક સૂત્રતા, શ્રુતિ, ઋચા, કારિકા, કારિકાર્થ, ભાવાર્થનાં પતિ શ્રીપ્રભુ છે અને તે જ પ્રતિપાદન કરે છે શ્રીપ્રભુ સ્વરુપનું વર્ણન. જે સૂત્રતાથી સદા વિજયી જ પમાય છે, ભક્તનાં વિજયમાં જ શ્રીપ્રભુનો વિજય છે. એટલે જ શ્રીપ્રભુ વાણી, ચરિત્ર ગાથા, સૈદ્ધાંતિક સૂત્રોનું વિવેચન, વિઘટન કરવાથી મુખરતા દોષ ના લાગે.

સર્વસ્થાપિ વિધારણ - શ્રીમદ્ ભાગવત આધારિત શ્રી સુબોધિનીજીનાં વિવેચનમાં શ્રીવલ્લભાચાર્યજી સમજાવે છે - શ્રીપ્રભુનું ઉપાદાન કારણપણું અને ધારણાત્મક સેતુપણું જીવને સૈદ્ધાંતિક માર્ગદર્શન આપે છે. જેનાથી પુષ્ટિસ્થિતિ સિદ્ધિ ઉદભવે છે.

નિર્દોષસર્વેષ્ટદ: - શ્રીપ્રભુનાં નિર્દોષપણાંનો ગુણથી જ તેઓ ઈષ્ટ છે. સર્વે નિર્દોષ ભક્તોનું કલ્યાણ ઈષ્ટ વસ્તુ અને અનેક લીલાઓથી પ્રદાન કરીને પોતાના સ્વરુપનો વિસ્તાર કરે છે. જીવધર્મ કારણરુપ છે અને ભગવદ્ ધર્મ કારણભૂત નથી. શ્રીપ્રભુનું મૂલરૂપ અને અવતારરુપ અનહદ કૃપાળુ છે, જે સદા નિર્દોષ ભક્તોનું કલ્યાણ કરી તેઓને ઉત્તમ ગતિ પ્રદાન કરે છે 🙏 એવા **શ્રીપ્રભુ મારા પતિ થાઓ, મારા પતિ સ્વરૂપે મારામાં બિરાજો**🙏

શ્રીમદ્ વલ્લભવિદ્વદીશવિલસદ્વંશાબ્ધિપૂર્ણેન્દવે
શ્રીગોપીપતિવન્દિને સુમનસિ બ્રહ્મામૃતસ્યન્દિને।
શ્રીમલ્લક્ષ્મણભટ્ટસૂરિરિતિ યદ્ નામાખિલાભીષ્ટદં
તસ્મૈ તાતમહાશયાય હરયે કુર્મો નમ: સિદ્ધયે।। ૩।।

કારિકાર્થ - ઈશોથી સ્વ પ્રકાશતા વંશરૂપી સમુદ્રનાં પૂર્ણચંદ્ર પ્રપિતા **'શ્રીમલ્લક્ષમણભટ્ટ સૂરિ'** ઉપનામથી સમ્માનિત કરી પૂર્વજોનાં કાર્યો સિદ્ધ થાય એવા આશીર્વચન આપી ઉત્તમ મન વાળા શ્રીગોપીપતિ, સર્વેલોકમાં બ્રહ્મરૂપ અમૃત સિંચનારા, વિઘ્ન હરનારા ઉદાર શ્રીકૃષ્ણને શ્રીવલ્લભાચાર્યજી નમન કરે છે.
ભાવાર્થ - શ્રીવલ્લભાચાર્યજીનાં પ્રપિતા શ્રીવલ્લભભટ્ટજી અને પિતાશ્રીલક્ષમણભટ્ટજીએ વિષ્ણુસ્વામી પંથ સ્વીકારી શ્રીગોપાલ એટલે શ્રીકૃષ્ણનાં જ ઉપાસક હતા. આ ઉપાસનાથી જ શ્રીવલ્લભાચાર્યજી પોતે એ જ કુટુંબમાં જન્મયા તેનો ગર્વ અનુભવે છે. જેની કૃપા શ્રીકૃષ્ણ એ કરાવેલી.

શ્રીમદ્ભાગવતાગમ: સુરતરુ: લોકે ફલત્વં ગત:
ભાષાવેદવિભેદતસ્ત્રયમપિ સ્યાદ્નો વિરુદ્ધં મહત્।
ભકત્યંશે ફલતા પ્રમાણસુબલે વેદત્વમ્ અર્થે પુન:
સ્કન્ધૈર્દ્વાદશભિર્યુત: સુરતરુ: શાખાદ્વિવહિનદ્રયમ્।।૪।।

વેદસ્વરુપ શ્રીમદ્ ભાગવત કલ્પવૃક્ષ છે. લોકોને ઉદ્ધાર કરવા માટે ફલપણાને પ્રાપ્ત છે. તેમાં મહાપુરાણ હોવાથી લૌકિક ભાષા, પરમતભાષા અને સમાધિ ભાષા એમ ભાષા વેદનું તારાત્મય છે. શ્રીમદ્ ભગવત ભક્તિનાં અંશમાં ફલપણુ, પ્રમાણનાં વિશેષબળમાં વેદપણું છે, અને અર્થમાં બાર મોટી શાખાઓ નાની નાની ત્રણસો બત્રીશ શાખાઓ સહીત કલ્પવૃક્ષપણું છે, એટલે સ્વ કલ્પવૃક્ષરૂપ છે.

<u>અદભુત! કેટલી નિષ્ઠા, શ્રદ્ધા, વિશ્વાસ અને પરસ્પર્તા છે.</u>

જીવ સદા ફલપણાનો વિચાર કરે છે. જ્યારે શ્રીપ્રભુ સદા જીવનું કલ્યાણ જ ઈચ્છે છે. આ ઈચ્છા અને કલ્યાણથી જે પરમાર્થો થયા એ અલૌકિક છે. એટલે શ્રીપ્રભુ કલ્પવૃક્ષરૂપ છે.
દ્રષ્ટાંત - એક વ્યક્તિ અતિ ધનવાન અને વૈભવશાળી હતો. તે જગતનાં કોઈપણ સ્થળે જાય અને ત્યાં તેને દુર્બલ, અકિંચન, રોગી, લાચાર અને ગરીબ વ્યક્તિ દેખાય કે તરત તેને મદદ કરવા દોડી જાય અને તેને સમજ, સારવાર અને સાથથી તેને ઉભો કરે. આમને આમ તેની લટખૂટ સંપત્તિ આ સેવામાં લૂટાવી દીધી. તેઓ કહેતા - તમે તમારા દુઃખ કહો, હું અચૂક દૂર કરવાનો પ્રયત્ન કરીશ. તમે તમારો ધર્મ કહો, હું તમારા ધર્મને ચોક્કસ સંભાળીશ. તમે દર્દ અનુભવો છો તો ચોક્કસ તમે જીવો છો. જો તમે બીજાનું દર્દ અનુભવો છો, તેને મદદ કરો છો તો જ તમે મનુષ્ય છો.
ભાવાર્થ - શ્રીવલ્લભાચાર્યજી આરંભ કરે છે જીવ અધિકાર ની સમજ નો. કનિષ્ઠ, મધ્યમ અને ઉચ્ચ જીવોને તેઓની કક્ષા મુજબ અવશ્ય ફળ પ્રાપ્ત કરે જ. એટલે પ્રાથમિક એટલું તો દ્રઢથી કિધુ કે શ્રીપ્રભુ તો કલ્પવૃક્ષ છે અને તે ફળ આપવા તત્પર છે. અતિ સરળ સિદ્ધાંત બતાવે છે કે શ્રીમદ્ ભાગવત જ્ઞાન ભક્તિનું ઉપાસક છે, જે જે જીવ જે કક્ષા પ્રમાણે સમજે તે તે પ્રમાણે તેને ફળ પ્રાપ્ત થાય.
કેટલું સરળ - જ્ઞાન ભક્તિથી સ્વને યોગ્ય કરતા કરતાં સ્વતંત્ર પુરુષાર્થપણે ભક્તિરસનું આસ્વાદન કરે તેનું જે ફલ છે તે શ્રીપ્રભુ કૃપાથી પામે🙏 એટલે પ્રમાણબળથી જ ફળ સિદ્ધ થાય છે.

અર્થં તસ્ય વિવેચિતું ન હિ વિભુ: વૈશ્વાનરાદ્વાક્પતે:
અન્યસ્તત્ર વિદ્યાય માનુષતનું માં વ્યાસવત્ શ્રીપતિ:।
દત્વાજ્ઞાં ચ કૃપાવલોકનપટુ: યંસ્માદ તોડહંમુદા
ગૂઢાર્થં પ્રકટીકરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણો: પ્રિયમ્।।૫।।

કારિકાર્થ - જગત અનેક કષ્ટો અને દુ:ખોથી ભરેલું છે. શ્રીવૈશ્વાનર વાક્પતિ યથાર્થ અર્થ અને પ્રક્ટ કરવા સક્ષમ છે અને સમર્થ છે, તે શ્રીલક્ષ્મીપતિ ભગવાન અને શ્રીવ્યાસજીનાં પ્રિય મનુષ્યશરીરયુક્ત શ્રીવલ્લભાચાર્યજીથી વાકેફ છે. તેમનો અથાગ પુરુષાર્થ, જ્ઞાન વિદ્યા, ચતુરાઈ અને યોગ્યતાનો સંપૂર્ણ અભ્યાસ હોવાથી આપશ્રીને શ્રીમદ્ ભાગવતનો ઉત્તમ અર્થ કરવાની આજ્ઞા આપી. જે સહર્ષ સ્વીકારી શ્રીમદ્ ભાગવતને આનંદથી પ્રકટ કરવા કટીબદ્ધ છું એવું વચન આપ્યું.
ભાવાર્થ - પૂર્વેનાં અનેક પંડિતોએ શ્રીમદ્ ભાગવતની વ્યાખ્યા કરેલી છે પણ સમગ્ર લોકમાંથી દુઃખ નષ્ટ ના થયું. એટલે શ્રીવલ્લભાચાર્યજી પ્રતિજ્ઞા કરે છે - યોગ્યતા પૂર્વક અને સરળ સમજથી વ્યાખ્યા કરવી. શ્રીવ્યાસજીએ જાણ્યું કે શ્રીમદ્ ભાગવતનો સચોટ અને સરળ અર્થ પ્રકટ કરવા વૈશ્વાનર વાક્પતિ પાસે અનંત સામર્થ્ય છે. અગ્નિ અને વાણીનાં પતિનું સામર્થ્ય અબાધિત અને સર્વશ્રેષ્ઠ છે. આપની શ્રુતિમાં મધુરતા છે તેવું વાક્યાતુર્ય સંભળાય છે. વાણીનાં પતિ અગ્નિ અને અગ્નિનાં મુખે શ્રીમદ્ ભાગવતનું રૂપાંતર કેવળ શ્રીવલ્લભાચાર્યજી જ સાત અર્થે પ્રક્ટ કરે તેનાથી ઉત્તમ શું! 👍
<u>દ્રષ્ટાંત - દામોદરદાસ હરસાનિજી.</u>

લક્ષણાં નૈવ વક્ષ્યામિ ન ન્યૂનાદન્યપૂરણમ્।
આર્થિકં તુ પ્રવક્ષ્યામિ પરોક્ષકથનાદતે।।૬।।

કારિકાર્થ - શ્રીવલ્લભાચાર્યજી કહે છે - હું લક્ષણાને કહીશ નહીં, તેમ ન્યૂનપદથી બીજા પદનું અનુસંધાન કરીશ નહીં. કેવળ પરોક્ષ કથન પ્રસંગ છોડીને, જેવો યથાર્થ આશય પ્રક્ટ થાય તેટલો જ અર્થ બતાવીશ.
ભાવાર્થ - શબ્દોનો અર્થ લક્ષણાથી થાય છે. દા. ત. "ગંગાયા ઘોષ" આ વાક્યનો યથાર્થ શબ્દાર્થ " ગંગામાં નાનું ગામડું" છે. પરંતુ " ગંગાયાં " નો અર્થ ગંગાનાં કાઠા ઉપર " કરવામાં આવ્યો છે તેને લક્ષણા કહેવાય. આ પ્રકારનો અર્થ મારાથી ના થાય અને પદ ઓછું મૂકીને બીજા પદથી તેની પૂરવણી પણ નહીં કરું. પરોક્ષકથન - જેવા કે પુરંજનાખ્યાન વગેરેને છોડીને શબ્દનો યથાર્થ અભિપ્રાય કરીશ, આ પ્રતિજ્ઞા કરું છું.

અવિરોધેન સપ્તાનામ્ અર્થાનામ ઈહ સંગતિ:।
ઉત્તરોત્તરદૌર્બલ્યં વાચ્યં સંકોચત: પરમ્।।૭।।

કારિકાર્થ - આ ટીકામાં સાત અર્થોની વિરોધ વિનાની સંગતિ છે, તેમાં વ્યવહારનાં કારણરૂપ શક્તિ સંકોચને લીધે પૂર્વ પૂર્વેનાં અર્થ ના કરતાં પછીનાં અર્થનું દુર્બલપણું કહેવાશે.
ભાવાર્થ - શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ, અધ્યાયાર્થ, વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ એમ સાત પ્રકારનાં

અર્થો બતાવ્યા છે. તે સાત અર્થોનો વિરોધ ના આવે તેવી રીતે અર્થ મળતો આવશે. કેટલાક વ્યવહારને લઈને શબ્દોનો શક્તિસંકોચ કરવો પડે છે. ત્યારે ઉપર જણાવેલા સાત પ્રકારનાં અર્થોમાં પછી પછીનાં અર્થોનું દૂબળાપણું રહેશે, જેમકે સમગ્ર શ્રીમદ્ ભાગવતનો અર્થ આનંદઘન શ્રીહરિની લીલાઓનું પ્રતિપાદન કરવું એ જ છે, તો પણ તેમાં રાજાઓ વગેરેની કથા તો આવે છે. તે પણ શ્રીપ્રભુની લીલા છે એવું તે સ્થળે બતાવવામાં આવશે. તો પણ તે તે કથાઓનો પ્રત્યક્ષ અભિપ્રાય તો રાજાઓની કથારૂપ જ જણાય છે. તે કારણથી રાજકથાનો અર્થ દુર્લભ છે.

ભાષાત્રયવિરોધશ્ચ કલ્પભેદાત્સમાહિતઃ।
ભાષાત્રયવિભેદશ્ચ લક્ષણૈર્જ્ઞાપ્યતે પુનઃ॥૮॥

કારિકાર્થ - ત્રણે ભાષાના વિરોધનો પરિહાર કલ્પભેદથી સમજવાનો છે. અને ત્રણે ભાષાનો ભેદ પણ તેવા સ્વરૂપથી તે તે સ્થળે બતાવવામાં આવશે.
ભાવાર્થ - શ્રીમદ્ ભાગવતમાં લૌકિક ભાષા, પરમતભાષા, અને સમાધિ ભાષા એમ ત્રણે ભાષાઓમાં જ્યારે પરસ્પર વિરોધ આવે ત્યારે તેનું નિરાકરણ કલ્પના ભેદથી કરવાનું છે, એટલે જુદા જુદા કલ્પોમાં કથાનકો પરિવર્તિત થાય છે. અને તે ભાષાત્રયનો ભેદ પણ દરેક લક્ષણો દ્વારા વારંવાર કહેવામાં આવશે.

અર્થત્રયં તુ વક્ષ્યામિ નિબન્ધેડસ્તિ ચતુષ્ટયમ્।
અત્ર સન્તઃ સ્વસંતોષૈરાજ્ઞાં યચ્છન્તુ સિદ્ધયે॥૯॥

કારિકાર્થ - સાત અર્થોમાંના પ્રથમ ચાર અર્થો તો તત્વાર્થદીપનિબંધમાં કહ્યા છે. અને બાકીના ત્રણ અર્થો અહીં બતાવીશ. તેમાં સત્પુરુષો પોતાના સંતોષ વડે અર્થની સિદ્ધિ માટે આજ્ઞા આપો.
ભાવાર્થ - તત્વાર્થદીપનિબંધમાં આચાર્યશ્રીએ શાસ્ત્ર, સ્કંધ, પ્રકરણ અને અધ્યાયનાં અર્થો ઉપપત્તિ પૂર્વક આપેલા છે. અહીં શ્રીમદ્ ભાગવતની વ્યાખ્યામાં વાક્ય, પદ અને અક્ષરનો અર્થ ઉપપત્તિપૂર્વક કહેવાશે.

જન્મની યોગ્યતા ઉપર શ્રીવલ્લભાચાર્યજીનાં પાર્દુભાવ આધારિત મનુષ્ય જન્મની યથાર્તા, સાર્થકતા અને પૂર્ણતાનું વિહંગન કરીએ તો સ્વને ઓળખવાની પ્રેરણા મળે.

દિવસનું કામ નિપટાવી જીવનનાં અનેક સમીકરણો ગોઠવી, મોડી રાત્રે આરામ ખુરશી પર આપણે આંખો બંધ કરી ઝુલતા હોઈએ અને અચાનક ખ્યાલ આવે કે - "ખરેખર હું મારા જીવનમાં શું કરી રહ્યો છું?" અને મારા મન, નયનની ગાડી પૂરપાટ અનેકો અનેક વિચારે, ક્રિયાએ, માધ્યમે અને મુકામે દોડવા લાગી.

જેમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યનાં અસંખ્ય વર્તુળોમાં બાળપણ, ભણતર, ધર્મ, સંસ્કાર, કુટુંબ, સમાજ, જીવનશૈલી, સ્વપ્નાં, સિદ્ધિ, ધ્યેય અને અનેક પ્રકારનાં દર્શન કરતો કરતો🙏 પ્રશ્ન નો ઉત્તર શોધી રહ્યો હોઉં કે " જીવનમાં શું કરી રહ્યો છું?" આપણે અવશ્ય ઈચ્છીએ કે મને સત્ય અને યોગ્ય ઉત્તર મળશે, પણ ઉત્તર નથી પામી શકતા. 🙏

કારણ આ જીવ, જન્મ, જગત અને બ્રહ્માંડ એવું વમળ છે જે ચકરાવે જ ફર્યા કરીએ. ધારોકે આપણી આ ક્ષણો મૃત્યુ ની સમીપની છે, તો પણ આ પ્રશ્નનો ઉત્તર આપણે પામી શકતા નથી. ભલે મનુષ્ય જીવ જગતનાં કે બ્રહ્માંડનાં સર્વે જીવોમાં સર્વોત્તમ છે, સત્ય સમજી શકે છે, કાબેલ, સ્નાતક અને યોગ્ય છે તો પણ ઉત્તર ના પામે, તો આપણે કોણ?

આપણે કેવા મૂર્ખ, અજ્ઞાની અને અબુદ્ધ છીએ. ખરેખર આ સ્વ છેતરપિંડી છે, સ્વ દોષિત છે, સ્વ દ્રોહી છે.

જીવનમાં આવતા જતા અનેકોનાં દોષો, દૃષ્ટ ચરિત્રો, ત્રુટિઓ, અનઘડતા વિગેરે અનેક પ્રકારથી આપણે તેઓને નવાજીએ છીએ પણ પોતે એટલે સ્વ કોણ છે? તે તો રઝળાવી જ દઈએ છીએ. 🙏

જીવ જગતનાં પ્રમાણમાં ગણતરી કરીએ તો ભાગ્યે જ કોઈ જીવો આ પ્રશ્નોનાં ઉત્તરો પામ્યા હોય. 🙏

એક પૌરાણિક કથા પર દ્રષ્ટિ મૂકીએ - એક મંદિર 🙏

સૂક્ષ્મ થી સૂક્ષ્મ પ્રકારે તેમાં ધર્મ સંસ્કારથી પ્રખર, પ્રજ્ઞાની, સર્વોચ્ચ ધર્માચાર્યનાં હસ્તે શ્રી પ્રભુ વિગ્રહ ની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી. જે કોઈ ત્યાંનું સ્મરણ કરે, રજ સ્પર્શે, પ્રસાદ પામે, દર્શન કરે, દંડવત પ્રણામ પૂર્ણે તે જીવમાં અનોખા વ્યક્તિત્વની સંસ્કૃતતા વિદ્યે જ🙏 તે વ્યક્તિત્વ સર્વે મનોકામના થી પૂર્ણ જ થાય🙏 એક એક વ્યક્તિ ધન્ય ધન્ય થાય. 🙏

એક દિવસ ધર્માચાર્યે નિર્ણય લીધો, મારે અમૃત વરણી શ્રીગંગાનદીમાં જીવંત પ્રાણાત્મ સમાધિ લેવી છે.

શ્રી મંદિર અર્થાત હવેલીમાં બિરાજતા સાક્ષાત શ્રીપ્રભુ વિસ્મય પામ્યા સાથે સાથે સર્વે અનુયાયી પુષ્ટિગણો અને ભક્ત વૈષ્ણવજનો અચરજ પામ્યા 🙏 આમ કેમ?

કારણ ધર્માચાર્યે નિહાળ્યું, જીવની માનસિકતામાં આમૂલ પરિવર્તન આવી રહ્યું છે, શ્રીપ્રભુ વિગ્રહ અને સ્થલીની આધ્યાત્મિકતા નષ્ટ પામી રહી છે. મંદિર મંદિર નથી કે હવેલી હવેલી નથી પણ વ્યાપારિક કેન્દ્ર બની રહ્યું છે 🙏 એટલે જે કોઈ આ ભૂમિ કે સ્થલીનો સ્પર્શ કે દર્શન કરે, સંકલ્પ કે સ્મરણ કરે, પ્રસાદ આરોગે કે ભેંટ ન્યોછાવરે તે જીવનું અનપેક્ષિત થાય છે, આ સ્થલીની ધાર્મિકતા ધૂર્ત થઈ ગઈ છે.

જીવની દ્રષ્ટિ, સૃષ્ટિ અને વૃષ્ટિમાં જે ઉત્ક્રાંતતા સત્ય શોધવા માટે છે તેનું સ્થાન અયોગ્ય દલીલો અને સ્વ બચાવ માટે વિકસિત થઈ રહ્યો છે. સ્વ જાતને જૂઠી વૃત્તિથી ઘડી રહ્યો છે. મન, કાયા, મગજ શંકાશીલ, સંશય ભરેલ અવિદ્યા તરફ ધસી રહ્યો છે. સમય, કાળ, વિચાર, વાતાવરણ, વાયુ, જળ, અન્ન, રજને દુષ્ટ કરી રહ્યો છે. તેનું કારણ છે અપેક્ષા, અજ્ઞાની દ્વેષ ભાવ, અણસમજ હરીફાઈ. જે સ્વ નિર્બળતાથી આવે છે.

આ પરિસ્થિતિ કોઈ ગ્રહ, નક્ષત્ર, સૂર્ય, ચંદ્ર, ધરતી, આકાશ, સાગર, વનસ્પતિ, જળ કે વાયુઓથી ઉદભવતી નથી પણ સ્વ સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે. સમભાવને તિરસ્કૃત કરી અહંકાર, અભિમાન સ્વમાં જાગૃત કરે છે. મનુષ્ય મગજ અત્યાધુનિક સ્વ છેતરપિંડીનું એન્જીન બની જાય છે જે સુધારી શકાતું જ નથી. 🙏 સમગ્ર સમાજ ને મૂર્ખ બનાવી શકે છે.

માનવને થતા રોગો, અરાજકતા, અંધશ્રદ્ધા, ધૂર્તતા, દુષ્ટતા, નીજ સ્વાર્થતાનો કાળ પ્રમાણ કરે છે કે આધ્યાત્મિકતા, સત્યતા, વિદ્વતા અને સંસ્કારિતા નષ્ટ પામી રહી છે અને તે આ મંદિર, મંદિરમાં બિરાજતા શ્રીપ્રભુ, તેનું સંચાલન કરતા આચાર્ય અને સ્થળની ઉર્જા ક્ષીણ થતી જાય છે.

આપણી કાયા, આપણું મન, આપણું ધન અને જીવનને આપણે ક્યાં ઘસેટી રહ્યા છે? સ્વ માં કોઈ મર્યાદા નહીં, સ્વ માં કોઈ આધાર નહીં, સ્વ માં કોઈ વિશ્વાસ નહીં, સ્વ નો કોઈ ધર્મ નહીં, સ્વ નો કોઈ ધ્યેય નહીં, સ્વ નો કોઈ ઉદેશ્ય નહીં તો હું કોણ?

અનેક જ્યોતિષીને બતાવ્યું, અનેક તાંત્રિક, યાંત્રિક અને માંત્રિક ને બતાવ્યું પણ સર્વે રઝળતા, રખડતા, ભટકતા અને આંધળા કરી દિધા.

સત્ય, વિશ્વાસ અને પવિત્રતાનો અર્થ બદલી કાઢ્યો. જીવ, જીવન અને જગત સાથે બ્રહ્માંડ પણ શૂન્ય. એટલે ધર્માચાર્ય જળ સમાધિ લઈ રહ્યા છે.

ત્યાં જ દોડતો એક યુવાન આવ્યો અને ઉચ્ચે અવાજે પોકાર કરી - હે આચાર્ય! થોભો! નદી કિનારે ઉભેલો માનવ મહેરામણ સ્તબ્ધ થઈ ગયો. યુવાન બોલ્યો - આચાર્ય! આપનો આ નિર્ણય અયોગ્ય અને ડરપોક ભરેલો છે, આપ જેવા પ્રખર આચાર્ય આવો નિર્ણય લે તે મારી વિદ્વતામાં આવતું જ નથી. આપથી જે અમે પામ્યા છે તે સંસ્કાર, શિક્ષા અને સંસ્કૃતિ સમજમાં આપનો આ નિર્ણય અતિ ધૃણા ભરેલો છે. આપ બહાર આવો અને વિશ્વાસપૂર્વક આપણે સહુ યોગ્ય વૈજ્ઞાનિક, સૈદ્ધાંતિક અને સત્ય સંચાલિત નિતિ ઘડી શકીશું 🙏

આચાર્યશ્રી ગદ ગદ હૃદયે, વિશ્વાસ, અતિ ઉત્સાહિત આનંદ ઉમંગે યુવાનનાં દ્રઢ વિશ્વાસ અને પુરુષાર્થ સિદ્ધ વચનો સાંભળી બહાર આવ્યા🙏આખા માનવ મહેરામણે આચાર્ય અને યુવાનનો જયઘોષ કર્યો 🪔

યુવાનને આલિંગન આપતા જ તેઓમાં એક અનોખી ઉર્જાનો અગ્નિ પ્રવેશયો. આચાર્ય અતિ તેજોમય અને સ્થિર, એકાગ્ર અને શાંત થઈ ગયા. આખું મહેરામણ અવાક બની ગયું અને ઉત્સુકતાથી નિહાળવા લાગ્યા કે આ શું થઈ રહ્યું છે! આચાર્ય યુવાનને મંદિરનાં ગર્ભગૃહમાં લઈ ગયા. થોડા સમય બાદ યુવાન મંદિરનાં પટ્ટાગણમાં આવી સર્વેને બે હાથ જોડી પ્રણામ કર્યા 🙏 સહુનું અભિવાદન કરી " જય શ્રી કૃષ્ણ " ની ગૂંજ કરી બોલ્યો – હે શ્રદ્ધાળુઓ! આપની આસ્થાનો વિજય થયો છે અને આચાર્યએ જળ સમાધિનાં નિર્ણયનો ત્યાગ કર્યો છે. આખા મહેરામણે " જય શ્રી કૃષ્ણ" ની ગૂંજ કરી પોતાનાં સ્થાને વિખરાઈ ગયા.

સમય વહેતા આચાર્યએ મંદિર પર એક જાહેર ખબર મૂકી અને જણાવ્યું હતું કે **આ તારીખ - આ વારે - આ સમયે આચાર્ય સ્વ અનુભૂતિ, મંદિર ઉર્જતા અને શ્રીપ્રભુ આધ્યાત્મિકતાની યોગ્યતા ઉપર શિક્ષા સત્સંગ કરશે.** 🙏 સર્વે જિજ્ઞાશુઓએ અભિવાદન સ્વીકારી સમય અને તારીખે સ્થલી પર ઉભરાવા લાગ્યા. સમય અનુસાર આચાર્ય અને યુવાન મંચ પર બિરાજયા. આચાર્યશ્રીએ " **જય શ્રી કૃષ્ણ** " સંબોધી પોતાનું પ્રવચન આરંભ કર્યું.

મિત્રો! થોડા દિવસ પહેલા જે નિર્ણય મેં લીધેલો તે કેમ ત્યાગ કર્યો તેનું મુખ્ય કારણ આ યુવક છે. તેની ઉર્જાએ મને સકારાત્મક તીવ્ર ઉર્જા આપી મારા મન અને પ્રબળ ઉર્જા અને બળ પ્રદાન થયું છે. આ બળ શ્રીવલ્લભાચાર્યજી જન્મ પાર્દુભાવ અનુસંધાન અનુભૂતિ પામ્યો એટલે જ આજે આ શિક્ષા સત્સંગનું આયોજન કરી શ્રીવલ્લભાચાર્યજી પ્રાકટ્ય લીલાને યથાર્તા, સત્યતાની યોગ્યતા પમાય. મિત્રો! આ બ્રહ્માંડમાં અનેક રહસ્યો છે, શ્રીવલ્લભાચાર્યજીનો પાર્દુભાવની સત્યતા આપની સમક્ષ મૂકતાં હું આનંદની અનુભૂતિ પામું છું. આ સત્યતા કોઈ માન્યતા નથી પણ વૈજ્ઞાનિક સિદ્ધાંત આધારિત છે. આપણાં શાસ્ત્રોમાં વૈજ્ઞાનિક સિદ્ધાંતો આધારિત અનેક જીવ અને પ્રકૃતિ, સૃષ્ટિ અને બ્રહ્માંડની પરિવર્તનતા આધારિત અને પ્રમાણિત અનેકો રહસ્યો છે જેને આપણી નાસમજને લીધે, અજ્ઞાનતાને લીધે યોગ્ય સત્યતા પામ્યા ન હોવાથી તેને અંધશ્રદ્ધામાં પ્રમાણિત કરી એની માન્યતાનાં અંધવિશ્વાસમાં ડૂબેલા રહીએ છીએ, જ્યારે આપણે આટલાં શિક્ષિત વ્યક્તિત્વ પ્રજ્વલિત કરતાં હોઈએ તો અચૂક સત્યતા પામીએ. આજે જે રીતે સમય, સ્વભાવ અને વ્યવહારથી જીવન વ્યતીત થઈ રહ્યું છે તેનાથી જે ઉર્જા, યોગ્યતા, સત્યતા નષ્ટ પામી રહી છે તે અજ્ઞાનતા દૂર કરી પ્રબળ પુષ્ટિ દીપક પ્રજવલ્લિત કરવા જ સહુને સંગઠિત કર્યા છે.

શ્રીવલ્લભાચાર્યજીનાં જન્મ અનુસંધાનથી જ યોગ્ય માર્ગદર્શિત અને શિક્ષિત કરી રહ્યા છીએ.



સહુ કોઈ વદિત છે શ્રીવલ્લભાચાર્યજીનાં પ્રાકટ્ય અને જન્મ ઘટનાથી. અગ્નિનાં વર્તુળમાં શ્રીવલ્લભાચાર્યજી ક્રિડા કરતાં હતા. અગ્નિ, અગ્નિ સ્વરૂપ અને અગ્નિની યોગ્યતાની સૂક્ષ્મતાથી શ્રીવલ્લભાચાર્યજીનો પાર્દુભાવથી શિક્ષિત થઈ સ્વ જીવ અને જીવનને દોષ મુક્ત કરવા જ સૈદ્ધાંતિક અને વૈજ્ઞાનિક પુષ્ટિ ભક્તિ સમજવી ઉત્તમ છે.

આ અગ્નિ શું છે?

અગ્નિ એ ઉર્જાનું એક શક્તિશાળી સ્વરૂપ છે, ભારતીય સંસ્કૃતિ અને વિજ્ઞાનમાં ઘણું મહત્વ ધરાવે છે. **અગ્નિ એટલે પદાર્થના દહનથી ઉત્પન્ન થતો પ્રકાશ અને ઉર્જા.**

૧. મુખ્ય ત્રણ અગ્નિ (ત્રિદિધ અગ્નિ)

શાસ્ત્રોમાં મુખ્યત્વે ત્રણ પ્રકારનાં અગ્નિનું વર્ણન છે:

- **જઠરાગ્નિ**: આ અગ્નિ મનુષ્યનાં પેટ (જઠર)માં હોય છે. જેનું કાર્ય ખોરાકને પચાવવાનું છે. આ મંદ પડે તો પાચન બગડે છે.
- **બડવાગ્નિ (વડવાગ્નિ)**: આ અગ્નિ સમુદ્રનાં પાણીની અંદર હોય છે. તે સમુદ્રનાં પાણીનું સંતુલન જાળવે છે.
- **દાવાગ્નિ**: જંગલમાં ઝાડનાં ઘર્ષણથી આપોઆપ લાગતી આગને 'દાવાગ્નિ' કે 'દાવાનળ' કહે છે.

૨. તત્વજ્ઞાન મુજબ અગ્નિનાં પ્રકાર

આધ્યાત્મિક દ્રષ્ટિએ અગ્નિનાં અનેક રૂપો છે:

- **કામાગ્નિ**: ઈચ્છાઓ અને વાસનાથી ઉત્પન્ન થતો અગ્નિ.
- **ક્રોધાગ્નિ**: ગુસ્સા કે ક્રોધ દ્વારા ઉત્પન્ન થતો અગ્નિ, જે માણસના વિવેકને બાળે છે.
- **શોકાગ્નિ**: વિરહ, દુ:ખ કે શોકને કારણે હૃદયમાં થતી વેદના.
- **જ્ઞાનાગ્નિ**: અજ્ઞાનનો નાશ કરનાર જ્ઞાનરૂપી પ્રકાશ.

૩. યજ્ઞ કાર્ય માટેનાં અગ્નિ

હિન્દુધર્મમાં યજ્ઞ કુંડમાં પ્રગટાવવામાં આવતો અગ્નિ અલગ અલગ રૂપમાં હોય છે

- **ગાર્હપત્ય અગ્નિ**: ગૃહસ્થો દ્વારા પૂજાતો અગ્નિ.
- **આહ્વનીય અગ્નિ**: દેવોને આહુતિ આપવાનો અગ્નિ.
- **દક્ષિણાગ્નિ**: પિતૃ કાર્ય ઉદ્ધારણ-ગતિ અગ્નિ.

અગ્નિ એ બાળવાનું સાધન નથી, તે **શુદ્ધિ અને પરિવર્તનનું પ્રતીક** છે. તે અન્ન પચાવે છે (જઠરાગ્નિ), અંધકાર દૂર કરે છે (પ્રકાશ) અને અશુદ્ધિઓનો (દોષ, અયોગ્યતા)નાશ કરે છે.

અગ્નિનો વૈજ્ઞાનિક અભિગમ અતિ રસપ્રદ છે. વિજ્ઞાનની દ્રષ્ટિએ અગ્નિ પદાર્થ નથી, એક **રાસાયણિક પ્રક્રિયા (Chemical Reaction)** છે. અગ્નિ અને જીવનો સંબંધ બહારથી ઉર્જા કે ગરમી પૂરવા નથી,

આપણાં અસ્તિત્વનાં મૂળમાં રહેલી જૈવિક અને રાસાયણિક પ્રક્રિયા છે. જીવને પોષણ આપી સાર્થકતા, યથાર્તા, વિદ્યતા, પૂર્ણતા પ્રદાન કરે છે, જે સૈદ્ધાંતિક વિજ્ઞાન છે.

૧. જૈવિક અગ્નિ: જઠરાગ્નિ (Biological Fire)

વિજ્ઞાનનાં સિદ્ધાંતે જીવ શરીરમાં અન્નનું પાચન થવું એક પ્રકારનું **'ધીમું દહન' (Slow Combustion)** છે.

- **પોષણ:** જીવ જે આહાર લે (કાર્બોહાઇડ્રેટ્સ, ફેટ), તે ઓક્સિજન સાથે ભળીને શરીરમાં 'ઊર્જિત' થાય છે.
- **ઉર્જા:** આ પ્રક્રિયાથી **ATP (Adenosine Triphosphate)** સ્વરૂપે ઉર્જા યુક્ત થાય છે, જે જીવ શરીરને જીવંત રાખી જીવવાની શક્તિ આપે છે. આ 'આંતરિક અગ્નિ' શાંત થઈ જાય, તો જીવન સમાપ્ત થઈ જાય છે.

૨. સકારાત્મક ઉર્જા પ્રદાન કરતી રાસાયણિક પ્રક્રિયા

વિજ્ઞાનમાં **'એક્ઝોથર્મિક ઓક્સિડેશન' (Exothermic Oxidation)** કહે છે. આ પ્રક્રિયા સકારાત્મક રીતે અસર કરે છે:

- **પ્રકાશ અને ફોટોન (Light and Photons):** અગ્નિમાંથી પ્રજ્વલ્લિત થતો પ્રકાશ મગજમાં 'સેરોટોનિન' (Serotonin) જેવા હેપ્પી હોર્મોન્સ વધારે છે. અંધકારમાં અગ્નિનો પ્રકાશ સુરક્ષા અને આશાની અનુભૂતિ કરાવે છે, જે માનસિક રીતે સકારાત્મક છે.
- **તાપમાનનું સંતુલન (Homeostasis):** શીતલતામાં અગ્નિ શરીરનું તાપમાન જાળવી જીવને થીજી જવાથી બચાવે છે અને ભૌતિક રાહતથી મનને શાંત કરે છે.
- **અન્નની શુદ્ધિ:** રાસાયણિક રીતે ઉર્જા અન્નમાં રહેલા જટિલ પ્રોટીનને તોડે છે અને હાનિકારક બેક્ટેરિયાનો નાશ કરે છે. જેથી અન્ન સુપાચ્ય બને છે, જે શરીરનાં પોષણ સાથે સંકળાયેલું છે.

૩. અગ્નિનું 'આયનીકરણ' (Ionization) અને વાતાવરણ

જ્યારે અગ્નિ પ્રગટે (યજ્ઞ કે દીવો) ત્યારે તે આસપાસનાં અણુઓનું **આયનીકરણ (Ionization)** કરે છે.

- વિજ્ઞાન મુજબ, અગ્નિની જ્વાળા હવામાં રહેલા પ્રદૂષકોને નષ્ટ કરી હવાને શુદ્ધ કરે છે.
- **આ શુદ્ધ હવા જ્યારે જીવ શ્વાસમાં લે છે ત્યારે લોહીમાં ઓક્સિજનનું પ્રમાણ વધારે છે, જે શરીર અને મનને પ્રફુલ્લિત રાખે છે. આ જ કારણ છે કે અગ્નિ આપણને 'સકારાત્મક ઉર્જા'નો અનુભવ કરાવે છે.**

અગ્નિ એ ઉર્જાનું પરિવર્તિત સ્વરૂપ છે. તે અજ્ઞાન, અંધકાર (જડતા) ને તોડી પ્રકાશ (જ્ઞાન/સકારાત્મકતા) અને ઉર્જા (જીવનશક્તિ) માં પરિવર્તન કરી જીવને પોષણ આપે છે.
પ્રકાશ અને ફોટોન (Light and Photons): અગ્નિમાંથી નીકળતો પ્રકાશ મગજમાં 'સેરોટોનિન' (Serotonin) જેવા હેપ્પી હોર્મોન્સ વધારે છે. અંધકારમાં અગ્નિનો પ્રકાશ સુરક્ષા અને વિશ્વાસની અનુભૂતિ કરાવે છે, જે માનસિક રીતે સકારાત્મક છે.

અગ્નિમાંથી નીકળતો પ્રકાશથી મગજ પર થતી અસરો એ ધાર્મિક માન્યતા નથી, પરંતુ તે ઊંડું **ન્યુરોસાયન્સ (Neuroscience)** અને **બાયોલોજી** કામ કરે છે. સેરોટોનિન વિજ્ઞાનની દ્રષ્ટિએ:

૧. અગ્નિનો પ્રકાશ અને 'સેરોટોનિન' (The Feel-Good Hormone)

શરીર પ્રકાશનાં સંપર્કમાં આવતા જ પ્રક્રિયા આરંભ. અગ્નિમાંથી ઉત્સર્જિત થતા પ્રકાશનાં કણો **ફોટોન (Photons)** જ્યારે આપણી આંખના રેટિના પર પડે છે, ત્યારે તે મગજમાં રહેલી **પિનિયલ ગ્રંથિ (Pineal Gland)** ને સંકેતો અને નિયમન કરે છે.

